ચૌધરી સ્કૂલના વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાએ યોગાસન અને ચેસમાં પસંદગી

ગાંધીનગર, તા. ૩૦

તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધા સ્વામિનારાયણ ધામ, કુડાસણ ખાતે યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલના વિદ્યાર્થી યશ મકવાણા અન્ડર ૧૪ અને અન્ડર ૧૭માં આનંદ સેનલ હિમાંશુભાઈની રાજ્યકક્ષાએ પસંદગી થઈ છે. આ ઉપરાંત આર.સી. કડી વિદ્યાલય ખાતે યોગાસનની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં અન્ડર-૧૪માં અભિજીત જાડેજા, નૈતિક સુથાર, કુલદીપ ઝાલા, જીલુ સોલંકી, આંચલ ગેલાની અને અન્ડર-૧૭માં નંદિની સુથાર અને દર્શન પટેલની રાજ્યકક્ષાએ પસંદગી થઈ છે. આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓને શાળાના આચાર્યા ભાવનાબેન સેંગલ, વ્યાયામ શિક્ષિકા ઉષાબેન ચૌધરી અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૩૦

સે-૨૩ સ્થિત જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં સે-૧૧ની હેડ પોસ્ટ ઓફિસ અને અડાલજની વાવની મુલાકાત લીધી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસમાં કાર્ય કરતા કર્મચારી સાથે પોસ્ટઓફિસના કામનું નિદર્શન મેળવ્યું હતું. અડાલજની વાવનો ઈતિહાસ જાણી અનેરો આનંદ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત અડાલજ ત્રિમંદિરમાં સીમંધર સ્વામીના દર્શન અને જાદુઆ શો જોઈને આનંદ પ્રાપ્ત કર્યો હતો. આ મુલાકાતમાં શાળાના સુપરવાઈઝર તથા શિક્ષક મિત્રો જોડાયા હતા.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની એનસીસી કેડેટસ દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૩૦

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગરની એનસીસી કેડેટસ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રકારના વૃક્ષો વાવી તેનું જતન કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી, સુપરવાઈઝર શ્રી ચારૂલબેન પુરોહિત અને શ્રી વર્ષાબેન પટેલે આ કાર્યક્રમમાં હાજરી આપી શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. આ કાર્ય બદલ એનસીસી કેડેટસને અભિનંદન આપવામાં આવ્યા હતા.

સેકટર- ૨/ડી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પ્રાચીનકાળથી જ વક્ષ મનુષ્યનો મિત્ર રહેલ છે. વૃક્ષારોપણને પુણ્યનુ કાર્ય માનવામાં આવે છે. વૃક્ષનુ વાવેતર કરવું એ અત્યારના સમયે દરેક નાગરીકની સામાજીક જવાબદારી છે. આજના સમયે દરેક વ્યકિત ગ્લોબલ વોર્મીગની અસર થી પરેશાન છે. વાતાવરણમાં થતા ફેરફારને પગલે દરેક નાગરીક ચિંતિત બન્યો છે. ત્યારે ફકત વૃક્ષારોપણ કરીને પણ જવાબદારીથી મુકત નથી થઈ શકતા.તેનુ જતન પણ કરવુ પડે છે. એક વૃક્ષનું વાવેતર કરવુ એટલે કોઈ બાળકને દત્તક લઈને તેનુ પાલન પોષણ કરવાની જવાબદારી બરાબર છે. ત્યારે પૂજન ડાન્સ કલાસીસના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જરે આજ વિચારોથી તેમના કલાસમાં આવતા નાના બાળકો દ્વારા સેકટર-ડી ખાતે ખુલ્લા પ્લોટમાં ૧૫ થી વધુ વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યું હતું. વૃક્ષોરોપણ કરીને તેના ઉપયોગની પૂરતી સવિસ્તાર સમજણ આપીને મહત્વ સમજાવ્યું હતું. વૃક્ષથી આપણુ જીવન સ્વસ્થ અને સુંદર સુખી બને છે. આજે બધા બાળકોએ પ્રતિજ્ઞા લીધી હતી કે અમે દર વર્ષે વન મહોત્સવ ઉજવીને વૃક્ષારોપણ કરીને તેમની કાળજી રાખવાનુ નકકી કરવામાં આવ્યું હતું. લેટ્સ મેક ધ સીટી ગ્રીન ના ઉમદા વિચારો પ્રજ્ઞાબેને પોતાના કલાસમાં આવતા બાળકોની સાથે શેર કર્યા હતા.

સેક્ટર-૨૧માં આજે ચામડીના રોગોનું નિદાન

ગાંધીનગર, તા. ૩૦

સુરેન્દ્રનગરના આયુર્વેદિક તબીબ ડૉ.એ.એસ. સોની દ્વારા તા. ૩૧ જુલાઈને રવિવારે સવારે ૧૧.૩૦થી સાંજે ૪.૩૦ દરમિયાન સેક્ટર-૨૧ હોટલ હેવન ખાતે ચામડીના રોગોનું આયુર્વેદિક પદ્ધતિથી નિદાન કરીને રાહતદરે દવાઓનું વિતરણ કરાશે. નગરજનોને આ સેવા યજ્ઞનો લાભ લેવા અને વધુ માહિતી માટે ૯૮૯૮૦૩૨૪૫૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

૧લીએ સામાજિક ન્યાય સમિતિના ચેરમેનો ધરણા કરશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમાર જણાવે છે કે ઉના તાલુકાના મોટા સમઢિયાણા ગામના દલિતો પર થયેલા પાશ્ચી અત્યાચાર બાબતે ધરણાનો કાર્યક્રમ રાજ્યના તમામ જિલ્લા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની પરિષદ દ્વારા તા. ૧-૮-૨૦૧૬ના રોજ સેક્ટર-૬, સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે ૧૨.૦૦ થી ૧૩.૦૦ વાગ્યા સુધી રાખેલ છે.

પાલનપુર પાલિકાનું બોર્ડ ગણતરીની મીનીટોમાં જ આટોપી લેવાયું

પાલનપુર, તા. ૩૦

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં શાસકપક્ષ ભાજપે આજે પણ સાધારણ સભામાં પોતાનું અગાઉનું વલણ જારી રાખતા સતત ચોથીવાર ચર્ચાથી દૂર ભાગતા શાસકપક્ષે એજન્ડા પરના ૧ થી ૧૮ કામોને મંજુર કરી બહુમતિના જોરે બોર્ડ આટોપી લેતા ભારે હોબાળો સર્જાયો હતો. શાસક પક્ષના અકળ વલણ સામે ડઘાઈ ગયેલા વિપક્ષ કોંગ્રેસે શાસક પક્ષના વલણને લોકશાહીના ખુન સમુ ગણાવ્યુ હતુ.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા પાલિકા પ્રમુખ નિલય જાનીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમણે એજન્ડા પરના ૧ થી ૧૮ કામોને કોઈપણ જાતની ચર્ચા-વિચારણા કર્યા વિના મંજુર-મંજુર કરી શાસકપક્ષના સભ્યોએ ગણતરીની મીનીટોમાં ઉભા થઈ બોર્ડ આટોપી લીધુ હતુ. આ કારણે ગીન્નાયેલા વિપક્ષે દેકારો મચાવ્યો હતો. વિપક્ષી નેતા અમૃતભાઈ જોષીએ શાસકપક્ષના ભ્રષ્ટાચારો ખુલ્લા ન પડે તે હેતુથી શાસક પક્ષ ચર્ચાથી દૂર ભાગતો હોવાનો આક્ષેપ સાથે શાસકપક્ષના વલણો લોકશાહી માટે ઘાતક ગણાવ્યુ હતુ. તથા તેને નગરજનોના અપમાન સમાન લેખાવ્યુ હતુ.

જો કે સતત ચોથીવાર શાસકપક્ષ દ્વારા બહુમતીના જોરે સાધારણ સભા ચલાવી ચર્ચા કર્યા વિના જ બોર્ડ આટોપી લેવાયુ હોવાના આક્ષેપો સાથે કોંગ્રેસના ગુલશનબેન વખારીયાએ શાસકપક્ષ પાતે બહુમતી હોવા છતા ચર્ચાથી દૂર કેમ ભાગે છે ? તેવો વેધક સવાલ કર્યો હતો. જો કે આવું જ કરવું હોય તો સાધારણ સભા પણ શા માટે બોલાવવી જોઈએ, તેવા સવાલો પણ વિપક્ષના નેતા ઈબ્રાહીમ સીંધીએ ઉઠાવ્યા હતા.

ગુજરાતમાં પાકવાર પ્રિમિયમ સબસીડીના દરો જાહેર કરાયા

તફાવત રકમ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવાની થશે

અમદાવાદ, તા.૩૦

પ્રધાનમંત્રી પાક વિમા યોજનાનો ખેડુતો મહત્તમ લાભ લઈ શકે તે માટે એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમીટેડ દ્વારા ખરીફ-૨૦૧૬ માટે અગાઉના દરોમાં સુધારો કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લાવાર અને પાકવાર ખરેખર પ્રીમીયમ દર, પ્રીમીયમ સબસિડી જો હોય તો, ખેડુત માટેના પ્રીમીયમ દર તેમજ રાજય અને કેન્દ્ર સરકારનો સબસિડી વહેંચણીની ટકાવારી કૃષિ અને સહકાર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે. આ સુધારાયેલા દરોમાં રાજકોટ, બનાસકાંઠા, ભાવનગર, પંચમહાલ, મહિસાગર, આણંદ, પાટણ, અરવલ્લી, ગાંધીનગર, સુરત અને છોટાઉદેપુર એમ કુલ ૧૧ જિલ્લાઓના ખેડુતોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાવાર પાકમાં ખરેખર પ્રીમીયર દરની ટકાવારી અને ખેડુતોને ચુકવવા માત્ર પ્રીમીયમના અલગ અલગ દરો નક્કી કરવામાં આવ્યા છે. આ દરો બાજરી, મગફળી, એરંડા, તલ, કપાસ, ડાંગર, મકાઈ, અડદ, મગ, તુવેર, કેળા, મઠ અને જુવાર જેવા નોટિફાઈડ પાકોને લાગુ પડશે.

વધુમાં દરેક બેંકો અને નાણા સંસ્થાઓને ખેડુતનો કુલ પ્રિમીયમ હસ્સો રકમ ઈન્સ્યોર્ડના સંદર્ભમાં નિયત કરેલા દરે એકત્ર કરવા અને એકત્ર કરેલી રકમ અંતિમ તારીખ પહેલા જે તે અમલીકરણ એજન્સીને તબદિલ કરવાની રહેશે. તેમજ તફાવતની રકમ ખેડુતના બેંક ખાતામાં પરત કરવાની રહેશે તેમ રાજયના કૃષિ અને સહકાર વિભાગના એક ઠરાવમાં જણાવાયું છે.

ફાર્મસી કોર્સમાં એડમીશન મેળવતા વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સીલ દરેક વાલી તેમજ વિદ્યાર્થીઓને જણાવે છે કે ધોરણ-૧૨ ના પરિણામ બાદ ફાર્મસી વિદ્યાસાખામાં ડીપ્લોમાં અથવા ડીગ્રીમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓમાં ખુબ જ સ્પર્ધા થાય છે. ફાર્મસી વિદ્યાશાખાના ડીપ્લોમાં અથવા ડીગ્રી અભ્યાસક્રમમાં ગુજરાત અથવા રાજય બહાર કોઈપણ કોલેજમાં પ્રવેશ લેતા પહેલા જે તે ફાર્મસી કોલેજને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા એ માન્યતા આપેલ છે કે કેમ તેની ચકાસણી કરી લેવા જણાવ્યું છે. ફાર્મસી કાઉન્સીલે મંજુર કરેલી બેઠકો કરતા વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો પણ અમાન્ય ગણાય છે.

ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા માન્યતા આપવામાં ન આવેલ હોય તેવી કોલેજમાં અભ્યાસ કરનાર અથવા તો મંજુર કરેલ બેઠકો કરતા વધુ બેઠકોઉપર પ્રવેશ મેળવનાર અથવા સંબંધિત કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરિક્ષા જે ઓથોરીટી લેતી હોય તેને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ માન્યતા નહી આપી હોય તો આવા સંજોગોમાં ડીપ્લોમાં અથવા ડીગ્રી મેળવનાર વ્યકિતઓને ફાર્માસીસ્ટ તરીકેનું રજીસ્ટ્રેશન કાયદાનુસાર મળવાપાત્ર નથી. ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા ગુજરાત તથા અન્ય રાજયની માન્ય કોલેજોની યાદી ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની વેબસાઈટ www.pci.nic.in ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની દરેક વાલી વિદ્યાર્થીઓએ નોંધ લેવા કાઉન્સીલ દ્વારા જણાવાયું છે.

ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં રાઘવજી માધડનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૩૦

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ગુજરાતી વિભાગ અને સાંસ્કૃતિક વિભાગના સંયુક્ત ઉપક્રમે વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાન અંતર્ગત જાણીતા સાહિત્યકાર અને લોક સાહિત્યના અભ્યાસુ રાઘવજીભાઈ માધડનું વ્યાખ્યાન યોજાયુ હતુ.

આ વ્યાખ્યાનમાં રાઘવભાઈએ લોક સાહિત્યકાર મેઘાણીનું સાહિત્ય સર્જન અને કાવ્ય સર્જન અંતર્ગત ગુજરાતી સાહિત્ય અને તેના મહત્વ વિશે પરિચયાત્મક માહિતી આપી હતી. ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. લીના સ્વાદિયા અને પ્રા. મુન્નાબેન ચૌધરીએ કર્યુ હતુ. શાળાના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

માણસામાં આનંદીમાના વડલે શિવ સંધ્યાનું આયોજન

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૮ ઓગષ્ટના રોજ શ્રાવણ માસના પ્રથમ સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે અશ્વિનભાઈ જોષીની અમૃતવાણીથી શિવ-સંધ્યાનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા. ૩ ઓગષ્ટથી ૧ સપ્ટેમ્બર દરમિયાન શ્રાવણ માસ નિમિત્તે માણસા સ્થિત આનંદીમાના વડલા ખાતે સવા લાખ પંચમુખી રૂદ્રાક્ષના શીવલીંગનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે વિઘ્નેશ્વરી ધામના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસે સર્વે ભાવિકોને સમગ્ર શ્રાવણ માસ દરમિયાન લાભ લેવા જણાવ્યું છે.

કંપની સમાચાર

રાજસ્થાને ઉદ્યોગપતિઓ/ ખેડૂતોને રાજસ્થાનના કૃષિ ક્ષેત્રમાં ભાગીદાર બનવા લાલ જાજમ પાથરી

રાજસ્થાન રાજ્ય સરકારની કૃષિ અને આનુષંગિક ક્ષેત્રોમાં નવા નિયમો, સહાય અને નીતિઓ જણાવતા પીએચઈડી (પબ્લિક હેલ્થ એન્જિનીયરિંગ ડિપાર્ટમેન્ટ) અને ભૂગર્ભ જળ પ્રધાન શ્રીમતી કિરણ મહેશ્વરીએ ગુજરાતના ખેડૂતો/ઉદ્યોગપતિઓને રાજસ્થાનના કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં ભાગીદાર બનવા આમંત્રણ આપ્યું હતું. રાજસ્થાનમાં ૯ થી ૧૧ નવેમ્બર, ૨૦૧૬ સુધી જયપુર (રાજસ્થાન)માં ગ્લોબલ રાજસ્થાન એગ્રિટેક મીટ-૨૦૧૬ કે 'ગ્રામ ૨૦૧૬' યોજાશે, જે અગાઉ વાતાવરણ ઉભુ કરવા અમદાવાદમાં રોડ શો યોજાયો હતો.

મુખ્ય કાર્યક્રમ અગાઉ તેના માટે ઉચિત વાતાવરણ ઉભું કરવા ફિક્કી રાજસ્થાન સરકાર સાથે સંયુક્તપણે અમદાવાદમાં ૨૭ જુલાઈ, ૨૦૧૬ના રોજ હોટેલ નોવેટેલમાં રોડ શૉ યોજ્યો હતો, જેના ઉદ્દેશ ગ્રામ ૨૦૧૬નો ભાગ બનવાથી થનાર ફાયદા જણાવવાનો હતો. રાજસ્થાન સરકારના પીએચઈડી અને ભૂગર્ભ જળના મુખ્ય સચિવ જે.સી. મોહંતીએ કહ્યું હતું કે, રોડ શૉ નો ઉદ્દેશ રાજસ્થાનમાં કૃષિ વ્યવસાય અને આનુષંગિક ક્ષેત્રોમાં રોકાણની તકો પ્રદર્શિત કરવાનો અને રાજ્યને રોકાણ માટે પસંદગીનું સ્થળ બનાવવાનો છે. આ કાર્યક્રમમાં રાજસ્થાન સહકારી ડેરી સંઘ (આરસીડીએફ)ના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ શર્મા અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી), ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન રાજીવ વાસ્તુપાલે હાજરી આપી હતી.

કૃષિ અને આનુષંગિક ક્ષેત્રોમાં ટેકનોલોજીકલ નવીનતા અને ઊંચી-ઊપજ આપતી પદ્ધતિ પર કેન્દ્રિત ગ્રામ ૨૦૧૬નો મુખ્ય ઉદ્દેશ કૃષિમાં સ્થાયી પણ વૃદ્ધિકારક વિકાસ મારફતે ખેડૂતોનું આર્થિક સશક્તિકરણ સુનિશ્ચિત કરવાનો અને ૨૦૨૦ સુધી ખેડૂતોની આવક બમણી કરવાનો છે.

આજે સાબમરતીમાં દલિત સમાજનું મહાસંમેલન

ઊનામાં દલિતો પર થયેલા અત્યાચારના વિરોધમાં દલિત સમુદાય શક્તિ પ્રદર્શન કરશે : સાવચેતીના તમામ પગલાં

અમદાવાદ, તા.૩૦

ઊનામાં દલિતો પર થયેલા અત્યાચાર સામેના વિરોધમાં આવતીકાલે દલિત સમાજ દ્વારા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જાહેરસભાને પોલીસે પરવાનગી આપી દીધા બાદ આને લઈને ચાલી રહેલી ચર્ચાનો અંત આવી ગયો છે. આ કાર્યક્રમને લઈને પોલીસ પહેલાથી જ સાવધાન થઈ ગઈ છે. કોઈપણ પ્રકારની હિંસા ન થાય તે માટે તમામ પગલાં લેવાયા છે. બીજી બાજુ પાટીદાર સંમેલનની જેમ જ દલિત સમુદાયના આ સંમેલનને સફળ બનાવવા માટે તમામ આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આવતીકાલે અમદાવાદમાં અચેર ડેપો સાબરમતી ખાતે દલિત મહાસંમેલન યોજાશે. આ મહાસમંલનમાં રાજયભરના લાખો દલિતો જોડાશે. જેથી પોલીસ તંત્ર દ્વારા કોઈ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મંજુરી આપવાની હા-નાની શક્યતાઓની ચર્ચાઓ વચ્ચે બપોરે મહાસંમેલનને મંજુરી અપાઈ હતી. કોંગ્રેસના દલિત આગેવાનો દ્વારા દલિત મહાસંમેલનમાં મોટી સંખ્યામાં દલિતો જોડાય તેવા પ્રયાસો કરાઈ રહ્યાં છે. તે માટે વાહનની વ્યવસ્થા સહિતનો ખર્ચ પણ દલિત આગેવાનો ઉપાડવા તૈયાર થઈ ગય હોવાની ચર્ચા પણ ચાલી રહી છે. દલિત અત્યાચાર લડત સમિતિના કન્વીનર જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, દલિત મહાસંમેલનને પોલીસની મંજુરી અંગે અત્યાચાર સુધી અવઢવ ચાલી હતી. પોલીસના અધિકારીઓ એઅને મહાસંમેલનના આયોજકો વચ્ચે સ્થળ બદલવા અંગે ચર્ચા વિચારણા ચાલી રહી હતી. ત્યારે હવે પોલીસ તંત્રે સાબરમતી પાસે આવેલા અચેર ડેપો ખાતે જાહેરસભા યોજવાની મંજુરી આપી છે. દલિત મહાસંમેલન માત્ર રાજયના દલિત સંગઠનો નહીં પરતુ ભાજપ અને કોંગ્રેસ માટે પણ પ્રતિષ્ઠાનો મુદ્દો બન્યું છે. સરકાર આ મહાસંમેલનમાં ઓછામાં ઓછા દલિતો જોડાય તે માટેના તમામ પ્રયાસો કરી રહ્યું છે. તો સામ પક્ષે કોંગ્રેસ મહાસંમેલનને સંપૂર્ણ સફળ બનાવવા કમર કસી રહ્યું છે. આ ઉપરાંત છેલ્લા એક વર્ષથી રાષ્ટ્રીય સ્તરે ગુજરાતને ચર્ચાનું કેન્દ્ર બનાવનારા પાટીદાર અનામતના આંદોલનકર્તાઓ પણ સંમેલનને ટેકો આપી રહ્યાં હોય તેવી પણ ચર્ચા ચાલી રહી છે. રાજયમાં ઊનાની ઘટના સંદર્ભે કોંગ્રેસ દ્વારા રાજયભરમાં દમન પ્રતિકાર ધરણા યોજવામાં આવ્યા હતા. જે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા છે. જો કે કેટલીક જગ્યાઓએ કાર્યકર્તા અને પોલીસ કર્મચારીઓવચ્ચેઘર્ષણના બનાવો બન્યા હતા. મહાસંમેલનમાં દલિત સંઘ દ્વારા આંદોલન યથાવત રહેશેતેવી ચીમકી ઉચ્ચારવામાંઆવી છે. આ ઉપરાંત ઊના જેવોઘટનાક્રમ ફરી ન થાય તેની સરકાર ખાતરી આપે તેવી બાંહેધરી પણ માંગવામાં આવી રહી છે.

ઉવારસદમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યાદગીરીના રૂપે કલમી આંબાનુ પણ વાવેતર કરવામાં આવશે.

જિલ્લામાં વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા વાવેતરની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે હાલ વૃક્ષોના ટ્રીમીંગનુ કામ ચાલી રહયુ છે. જિલ્લામાં પ્રતિવર્ષ વન મહોત્સવની ઉજવણીનુ પણ આયોજન કરવામાં આવે છે. નગરજનોમાં હરિયાળીનુ જતન કરવાની જાગૃતતા અને સમજ વધુ મજબુત બને તેવા આશયથી વનતંત્ર દ્વારા દરવર્ષે અલગ અલગ સ્થળે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ઉવારસદમાં જિલ્લા કક્ષાના વન મહોત્સવને અનુલક્ષી વનતંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

વરસાદી દિવસો દરમિયાન વનતંત્રની કામગીરી વિશેષ વધી જાય છે. ત્યારે ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી સાથે વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પણ મુખ્ય બની રહે છે. જયારે દરવર્ષે વન મહોત્સવની ઉજવણી પણ વનતંત્રની કામગીરીનો એક હીસ્સો બની રહે છે. આ વર્ષે આગામી તા ૪ ઓગષ્ટના રોજ જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના ઉવારસદ ગામમાં સ્થિત સદવિચાર વિકલાંગ શાળામાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. સુત્રોના જણાંવ્યા મુજબ માર્ગ મકાન મંત્રી નીતિન પટેલના હસ્તે વન મહોત્સવનુ ઉદઘાટન કરવામાં આવશે. જિલ્લા વન મહોત્સવની ઉજવણી દરમિયાન ૨૫૧ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. જયારે આ દરમિયાન જિલ્લાના પ્રભારી સચિવ અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેશે. વન મહોત્સવની ઉજવણી દરમિયાન શાળાના સંકુલમાં કલમી આંબા પણ યાદગીરી રૂપે રોપવામાં આવશે.

ઓપન હાઉસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. આ ઉપરાંત પશુધન માટે ઘાસચારાની સ્થિતિ તેમજ પીવાના પાણીની પાઈપલાઈનોનું નેટવર્ક જે જુનુ થયુ છે તેમાં લીકેજીસ થતા હોય તો તાત્કાલિક દુરસ્ત કરાવવા, સ્વચ્છતા અભિયાન ને વેગ આપવા સહિતની પણ જરૂરી સૂચનાઓ આપી હતી.

જિલ્લામાં કુપોષણ મુક્તિ અભિયાનમાં ૧ ટન ખજૂર કલોલ અને માણસા તાલુકાના બાળકો માટે મેળવી જે રીતે તંત્રએ એક સુંદર કામગીરી કરી છે તે માટે તેમણે કલોલના અધિકારીઓને અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે કુપોષણ મુક્તિની સાથે સાથે આપણે ગુણવત્તાસભર શિક્ષણની દિશામાં પણ પ્રેરણાત્મક કામગીરી કરી જિલ્લાને ચેતનવંતો અને પ્રગતિશીલ બનાવીએ.

અથડામણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાન ઘાયલ પણ થયો છે. બે જવાન શહીદ થયા હતા. ઘટના સ્થળેથી બે એકે રાયફલ, યુબીજીએલ અને યુદ્ધ સંબંધિત વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી એકે-૪૭ સહિત હથિયારોનો જંગી જથ્થો મળી આવ્યો છે. આ સપ્તાહમાં જ ઘુસણખોરીનો બીજો મોટો પ્રયાસ છે. જેને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો છે. સેનાએ ૨૬મી જુલાઈના દિવસે ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ કર્યો હતો. જેમાં ચાર ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. એકને જીવતો પકડી લેવામાં આવ્યો હતો. ધરપકડ કરવામાં આવેલા સૈફુલ્લા નામના ત્રાસવાદીની પૂછપરછ ચાલી રહી છે. તેમની પાસેથી અનેક વિગતોનો ખુલાસો થયો છે. પૂછપરછમાં બહાદુરઅલી ઉર્ફે સૈફુલ્લાએ કહ્યું છે કે તે નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતારી દેવા માટે કાશ્મીરમાં આવ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં ઘુસણખોરીમાં હાલમાં વધારો થયો છે. અંકુશરેખાથી આ વર્ષે ખીણમાં આશરે ૧૦૦ જેટલા ત્રાસવાદીઓની ઘુસણખોરી થઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ આગામી દિવસોમાં પણ ત્રાસવાદીઓની ઘુસણખોરી થઈ શકે છે.

અસ્તવ્યસ્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાલબારી, કામરૂટ, ચીરાંગમાં પણ પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. બચાવ અને રાહત કામગીરી તમામ જગ્યાઓએ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. એનડીઆરએફ, એસડીઆરએફ અને સેનાની ટુકડી બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. અસરગ્રસ્ત લોકોને રાહત કેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. રાજ્યમાં ૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે. આઈટી શહેર બેંગલોરની ગતિ પણ રોકાઈ ગઈ છે. સમગ્ર શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. સ્કુલ, કોલેજો અને ઓફિસોમાં રજા જાહેર કરાઈ છે. બીજી બાજુ આજે શનિવારના દિવસે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં કેટલાક ઘરમાં તો ગ્રાઉન્ડ ફ્લોર સુધી પાણી ભરાઈ ગયા હતા. પટણાથી પ્રાપ્ત અહેવાલ મુજબ બિહારમાં વીજળી પડવાથી ચાર લોકોના મોત થઈ ગયા છે. ઉત્તરપ્રદેશ સહિત દેશના ઉત્તરીય હિસ્સામાં સતત ભારે વરસાદ થતા નદીઓમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. નેપાળના જળસંગ્રહથી ગ્રસ્ત વિસ્તારમાં ભારે વરસાદના લીધે બિહારના ૧૦ જિલ્લાઓમાં ૧૭ લાખ લોકો પુરના સકંજામાં આવી ગયા છે અને ૨૨ લોકોના મોત થઈ ચુક્યા છે.

પાકિસ્તાનની ભૂમિકા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદીઓ વચ્ચે થયેલી વાતચીતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વાતચીત એવી જ છે જેવી વાતચીત વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં ત્રાસવાદી હુમલા પહેલા લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ વચ્ચે કરવામાં આવી હતી. લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ અને હુમલાના આકા વચ્ચે આવીજ વાતચીત થઈ હતી. લશ્કરે તોયબાના આકાઓએ અગાઉ કરાચીમાં સુરક્ષિત સ્થળ પર બેસીને લોકોને મોતને ઘાટ ઉતારી દેવા માટે વાતચીત કરવામાં આવી હતી. આનાથી સ્પષ્ટ થાય છે કે પઠાણકોટમાં કરવામાં આવેલા હુમલાના કાવતરા પાકિસ્તાનમાં જ રચવામાં આવ્યા હતા. હુમલા દરમિયાન જેશે મોહમ્મદના ચારે ત્રાસવાદી ૮૦ કલાક સુધીપાકિસ્તાનમાં બેસેલા આકાઓ સાથે વાતચીત કરી રહ્યા હતા. અમેરિકા દ્વારા સોંપવામાં આવેલા ડોઝિયરમાં કેટલીક અન્ય બાબતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ટ્રેનીંગ સેન્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહયુ છે. આ માટે નભોઇમાં જગ્યા ફાળવવામાં આવશે. જો કે સ્થળ પસંદગીના મામલે હજુ આખરી નિર્ણય બાકી છે. પરંતુ ટ્રેનીંગ સેન્ટર માટે ૧૦ એકર જગ્યા ફાળવવામાં આવશે.જયાં હેવી વાહનોના ડ્રાઇવરોને જરૂરી તમામ પ્રકારની તાલીમ વિના મુલ્યે મળી રહે તેવુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ટ્રેનીંગ સેન્ટરની સાથે ઓડિટોરીયમ હોલ પણ બનાવાશે. ભારે વાહનોના ડ્રાઇવરોને તાલીમબદ્ધ કરવાના આ પ્રોજેકટના અંતે માર્ગ સલામતીનુ ચિત્ર પણ સુધરશે.